ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર



ભાજપમાં પાયાના કાર્યકરોનો બળવો, અનેક બેઠકો પર 'કેસરીયો' છોડી અપક્ષની લલકાર

# મહીસાગર ભાજપમાં ટિકિટ વિતરણ બાદ ભડકો : અનેક રાજીનામા પડ્યાં

**જનરલ સીટ** પર અનામત ઉમેદવારો ઉતારતા અસંતોષનો જ્વાળામુખી ફાટ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.13
મહિસાગર જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે ભારતીય જનતા પાર્ટીમાં આંતરિક અસંતોષ જ્વાળામુખીની જેમ ફાટી નીકળ્યો છે. પક્ષ દ્વારા ઉમેદવારોની પસંદગીમાં પાયાના કાર્યકરોની અવગણના અને વય મર્યાદા તેમજ બેઠકોના જ્ઞાતિગત સમીકરણોને અવગણતા, નારાજ કાર્યકરોએ હવે 'કેસરીયો' મૂકી અપક્ષ તરીકે મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો છે.

મહીસાગર જિલ્લા ભાજપમાં અત્યારે ઠેર-ઠેર વિરોધના સૂર સંભળાઈ રહ્યા છે. પાર્ટીના કાર્યકરોમાં મુખ્ય નારાજગી વયસ્ક ઉમેદવારોની પસંદગીને લઈને જોવા મળી રહી છે. ખાસ કરીને, છાંયણ તાલુકા પંચાયત બેઠક પર 70 વર્ષીય વૃદ્ધને ટિકિટ અપાતા યુવા કાર્યકરોમાં ભારે આક્રોશ ફેલાયો છે. તેવી જ રીતે, સરસવા બેઠક પર 66 વર્ષના અંબાબેન ખરાડીને ઉમેદવાર બનાવતા વર્ષોથી સક્રિય કાર્યકરોએ પક્ષની નીતિ સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

વધુમાં, બિન-અનામત (સામાન્ય) સીટો પર અનામત કેટેગરીના ઉમેદવારોને પ્રાધાન્ય આપવાના પક્ષના નિર્ણયથી પણ સ્થાનિક સમીકરણો બગડ્યા છે.

### દિગ્ગજોએ ભાજપ સાથે છેડો ફાડ્યો

ટિકિટ ન મળતા અનેક દિગ્ગજ કાર્યકરોએ ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામા આપી દીધા છે અને અપક્ષ તરીકે પોતાની દાવેદારી નોંધાવી છે. સરસવા સીટ પરથી રણજિત બારીયાએ પક્ષ સામે મોરચો માંડ્યો છે, જ્યારે મોટી સરસણથી પટેલ મંગુબેને અપક્ષ તરીકે ઝંપલાવ્યું છે. આ ઉપરાંત કાળીબેલ સીટ પરથી ખાંટ નરવતભાઈ અને મોયલા સીટ પરથી જીવાભાઈ ધામોત પણ હવે ભાજપ સામે સીધી લડત આપશે.


### શું ડેમેજ કંટ્રોલ કરવામાં ભાજપ સફળ રહેશે?

એક તરફ ભાજપ વિજયનો આત્મવિશ્વાસ વ્યક્ત કરી રહ્યું છે, ત્યારે બીજી તરફ પોતાના જ 'હારા-નરવા' કાર્યકરો મેદાનમાં ઉતરતા પાર્ટીની વોટબેંકમાં મોટું ગાબડું પડવાની ભીતિ સેવાઈ રહી છે. હવે જોવાનું એ રહેશે કે પક્ષનું મોવડી મંડળ આ નારાજ કાર્યકરોને મનાવી ડેમેજ કંટ્રોલ કરવામાં સફળ રહે છે કે પછી ચૂંટણીમાં હારનો સામનો કરવો પડશે.

## આણંદના 'સ્પા'માં રજિસ્ટર ન નિભાવતા કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.13
આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ શાખાના પોલીસ કર્મીઓ દ્વારા સોમવારે બપોરે અમુલ ડેરી રોડ પર અંબર ગોલ્ડ બિલ્ડિંગમાં આવેલા 'સીક્રેટ સ્પા'માં ઓચિંતું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન સ્પાના સંચાલક અનુરાગ ચંદ્રન લાલ (રહે. લાંભવેલ) સ્થળ પર હાજર મળી આવ્યા હતા. પોલીસ દ્વારા સ્પામાં આવતા ગ્રાહકોની વિગતો માટેનું રજિસ્ટર માંગવામાં આવતા, સંચાલક દ્વારા તે યોગ્ય રીતે મેન્ટેન કરવામાં આવતું ન હોવાનું જણાયું હતું. આ કૃત્ય જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા સ્પા અને મસાજ પાર્લરો માટે બહાર પાડવામાં આવેલા જાહેરનામાનો સીધો ભંગ હોવાથી, આણંદ ટાઉન પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## ચૂંટણીલક્ષી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા: રેન્જ આઈજી અને એસપી દ્વારા સરહદી ચેક પોસ્ટનું નિરીક્ષણ



મહીસાગર જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ શાંતિપૂર્ણ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી પંચમહાલ-ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા જિલ્લાની વિવિધ સંવેદનશીલ સરહદી ચેક પોસ્ટની રૂબરૂ મુલાકાત લઈને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. અધિકારીઓએ ડીટવાસ અને બાકોર પોલીસ સ્ટેશન હેઠળ આવતી ચેક પોસ્ટ પર વાહન ચેકિંગ અને અન્ય તકેદારીના પગલાં અંગે તૈનાત પોલીસ જવાનોને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી જેથી સરહદ પરથી થતી કોઈ પણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર ચુસ્ત નજર રાખી શકાય. **તસવીર : ચિંતન પટેલ**

## આણંદમાં ભાજપના ઉમેદવારોએ જનસેવાના શપથ લીધા



આણંદ-કરમસદ મહાનગરપાલિકાની આગામી ચૂંટણી માટે ભાજપના પર ઉમેદવારોએ વિધિવત રીતે પ્રચારના શ્રીગણેશ કર્યા હતાં. આ પ્રસંગે બેઠક મંદિરમાં ઠાકોરજીના આશીર્વાદ મેળવી તમામ ઉમેદવારોએ નિ:સ્વાર્થ લોકસેવાના સંકલ્પ સાથે પ્રચાર અભિયાન શરૂ કર્યું હતું. આ પ્રસંગે પૂર્વ ગૃહમંત્રી ગોરધનભાઈ ઝડફિયા અને સાંસદ મિતેશભાઈ પટેલ સહિતના પ્રદેશ-જિલ્લાના અગ્રણી નેતાઓ માર્ગદર્શન માટે ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. નવી મહાનગરપાલિકાને વિકાસના 'રોલ મોડેલ' બનાવવાના નિર્ધાર સાથે મોટી સંખ્યામાં સમર્થકો અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# ઉમરેઠ પંથકમાં મહિલાના અપહરણનો નિષ્ફળ પ્રયાસ

**બે શખસે રૂ. 15** હજારની લાલચ આપી બિભત્સ માંગણી કરી

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.13
ઉમરેઠ તાલુકાના સુરેલી ગામમાં શાકભાજી લઈને ઘરે પરત ફરી રહેલી એક મહિલાને આંતરી, બે શખ્સોએ બિભત્સ માંગણી સાથે અપહરણ કરવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. આરોપીઓએ મહિલાને નાણાંની લાલચ આપી બળજબરીપૂર્વક કારમાં બેસાડવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ મહિલાની સમયસૂચકતા અને બૂમાબૂમને કારણે મોટી ઘટના ટળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત 8મી એપ્રિલના રોજ રાત્રિના સમયે ઉમરેઠ પંથકની એક મહિલા શાકભાજી લઈને ઘરે જઈ રહી હતી. આ દરમિયાન ફિરોજ અમન પઠાણ (રહે. સુરેલી) અને અરવિંદ રમણ ઠાકોર (રહે. શીલીયાપુરા) એ કારમાં મહિલાનો પીછો કર્યો હતો. બાદમાં ફિરોજે મહિલાને રૂ. 15 હજારની લાલચ આપી 'ગંદુ કામ' કરવા માટે સાથે ચાલવા દબાણ કર્યું હતું.

જ્યારે મહિલાએ આ બિભત્સ માંગણીનો વિરોધ કર્યો, ત્યારે આરોપીઓએ તેને લાફા મારી જબરદસ્તીથી કારમાં બેસાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, મહિલાએ હિંમત દાખવી બૂમાબૂમ કરતા તેનો દિયર તાત્કાલિક ત્યાં દોડી આવ્યો હતો, જેનાથી ડરીને આરોપીઓ ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. આ અંગે ઉમરેઠ પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કપડવંજ પાસે 12 લાખનો દારૂ ભરેલી કાર પકડાઈ

**રાજસ્થાનના** બે શખ્સો ગાડીમાં દારૂનો જથ્થો લવાતા પકડાયા

(પ્રતિનિધિ) કપડવંજ તા.13
ખેડા જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના મુજબ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અન્વયે ગુનાખોરી ડામવા માટે કપડવંજ રૂરલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક મોટી સફળતા મેળવી છે. પોલીસે બાતમીના આધારે પાંખીયા ત્રણ રસ્તા પાસેથી પસાર થતી એક લક્ઝરી કારમાંથી રૂ. 4.02 લાખની કિંમતનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડી કુલ રૂ. 12,10,336નો મુદ્દામાલ કબજે કર્યો છે.



કપડવંજ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વી.એન. સોલંકીના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. પટેલ અને તેમની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે પાંખીયા ત્રણ રસ્તા અને મોતીપુરા પાટીયા વચ્ચે વોચ ગોઠવી એક સફેદ રંગની હુન્ડાઈ ક્રેટા ગાડીને અટકાવી હતી. આ કારની તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના 1584 ક્વાટર અને બીયરના 432 ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ. 4,02,336ની કિંમતનો દારૂ, રૂ. આઠ લાખની કાર અને મોબાઈલ ફોન મળી કુલ રૂ. 12.10 લાખથી વધુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે.

આ કાર્યવાહીમાં પોલીસે પ્રકાશ શિવરામ ડાંગી (રહે. ઉદયપુર, રાજસ્થાન) અને લાલુરામ ચુનીલાલજી ગાયરી (રહે. ઉદયપુર, રાજસ્થાન) ને પકડી પુછપરછ કરતાં આ દારૂનો જથ્થો ઉદયપુરના વિષ્ણુ ડાંગીએ ભરી આપ્યો હોવાનું કબુલ્યું હતું. આ અંગે કપડવંજ ગ્રામ્ય પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદ તાલુકાના હાડગુડ ખાતે હજયાત્રી માટે ભવ્ય તાલીમ શિબિર યોજાઈ




**આણંદ** | ગુજરાત હજ સમિતિ દ્વારા ૨૦૨૬માં હજ પઢવા જનારા યાત્રીઓ માટે હાડગુડમાં વિશેષ તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં હાજીઓ અને હજિયાણીઓએ ઉપસ્થિત રહી હજ યાત્રાના વિવિધ અરકાનો અને રાખવાની સાવચેતીની વિગતવાર સમજ મેળવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં સ્થાનિક યુવાનો અને જિલ્લાના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. શિબિરના અંતે વિવિધ સેવાકર્મીઓનું સન્માન કરી તમામ હજયાત્રીઓની સુખદ યાત્રા માટે વિશેષ દુઆ કરવામાં આવી હતી.

### કાકરખાડમાં સંતરામ મંદિરના આશીર્વાદથી નિ:શુલ્ક સુજોક એક્યુપ્રેશર શિબિર યોજાઈ



**નડિયાદ** | વિશ્વપ્રસિદ્ધ શ્રી સંતરામ મંદિરના મહંત શ્રી રામદાસજી મહારાજના માર્ગદર્શન હેઠળ કાકરખાડ ખાતે નિ:શુલ્ક સુજોક એક્યુ થેરાપી શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મહેશભાઈ પટેલના નેતૃત્વમાં આયોજિત આ શિબિરમાં કાકરખાડ વેરાઈ માતા રામજી મંદિર પરવડી ટ્રસ્ટ અને સંતરામ એક્યુ થેરાપી કેન્દ્રએ વિશેષ સહયોગ આપ્યો હતો. આ શિબિરમાં રંગ ચિકિત્સા, બીજ થેરેપી, મેગ્નેટ થેરેપી અને મેરીડીયન થેરેપી જેવી પદ્ધતિઓ દ્વારા તમામ પ્રકારના રોગોની વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. આ સેવાનો નડિયાદના મોટી સંખ્યામાં વડીલો, યુવાનો અને બાળકોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો, જેનાથી અનેક દર્દીઓને રાહત મળી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### સીવીએમ યુનિવર્સિટીમાં IoT અને AI વિષય પર રાષ્ટ્રીય સ્તરનો કાર્યક્રમ યોજાયો



**આણંદ** | સીવીએમ યુનિવર્સિટીની એમબીઆઈટી કોલેજમાં 'IoT અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' વિષય પર એક સપ્તાહીય રાષ્ટ્રીય સ્તરનો ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય અધ્યાપકોને આધુનિક ટેકનોલોજીથી સજ્જ કરી શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ગુણવત્તામાં વધારો કરવાનો હતો. વિવિધ નિષ્ણાતો દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં હેન્ડ્સ-ઓન સત્રો દ્વારા નવી ટેકનોલોજી અપનાવવાની આવશ્યકતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સંસ્થાના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલ અને પ્રોવોસ્ટ ડો. ઈંદ્રજીત પટેલે આ સફળ અને શૈક્ષણિક આયોજન બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

### કપડવંજ શહેરના ઝુલેલાલ મંદિરના રજત જયંતી મહોત્સવની ભવ્ય ઉજવણી



**કપડવંજ** | કપડવંજ સિંધી સમાજ દ્વારા ઝુલેલાલ મંદિરના 25 વર્ષ પૂર્ણ થતા ભક્તિમય માહોલમાં ભવ્ય અને આધ્યાત્મિક ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ભગવાનની વિશેષ પૂજા-અર્ચના બાદ બાળકો અને યુવાનો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ભજન-કીર્તન રજૂ કરવામાં આવ્યા હતા. e કાર્યક્રમ દરમિયાન મંદિરના ઈતિહાસની જાણકારી આપવામાં આવી હતી અને સમાજના વડીલો તથા અગ્રણીઓનું વિશેષ સન્માન કરાયું હતું. મહોત્સવના અંતે આયોજિત મહાપ્રસાદનો મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લેતા સમગ્ર સમાજમાં આનંદ અને એકતાની લાગણી પ્રસરી ગઈ હતી.

### નડિયાદના ભૂમેલ ખાતે જય મહારાજ સિનિયર સિટીઝન ટ્રસ્ટની સામાન્ય સભા સંપન્ન



**નડિયાદ** | ભૂમેલના સત્યનારાયણ મંદિર ખાતે જય મહારાજ સિનિયર સિટીઝન ટ્રસ્ટની ત્રીજી વાર્ષિક સામાન્ય સભા આશરે 90 સભ્યોની હાજરીમાં ખૂબ જ ઉત્સાહ અને ભાઈચારા સાથે યોજાઈ હતી. આ પ્રસંગે કાર્યક્રમના કન્વીનર અને લાયન્સ ક્લબ નડિયાદના પ્રમુખ રાજુભાઈ બ્રહ્મભટ્ટનું સાકર અને શાલ ઓઢાડી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના અધ્યક્ષ અશોકભાઈ પંડ્યા, પ્રમુખ જે.ડી. પટેલ અને મંત્રી દિનેશભાઈ જોશી સહિતના પદાધિકારીઓની હાજરીમાં વિવિધ રમત-ગમતના આયોજન સાથે સભ્યોએ આનંદ માણ્યો હતો. મોટી સંખ્યામાં સભ્યોની ઉપસ્થિતિ અને અગ્રણીઓના સહયોગથી આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

### નડિયાદમાં નિ:શુલ્ક પ્રોસ્ટેટ કેમ્પમાં કપડવંજના 65 ભાઈઓએ લીધો લાભ



**નડિયાદ** | નડિયાદ સ્થિત મૂળજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલ ખાતે આયોજિત કેમ્પમાં કપડવંજથી 65 ભાઈઓએ તપાસ કરાવી લાભ લીધો હતો. બ્રહ્માકુમારીઝના મુખ્ય સંચાલિકા માલાબેને ડો. મહેશભાઈ દેસાઈ અને શ્રી પ્રકાશભાઈ મેકવાનનું સન્માન પત્ર આપી બહુમાન કર્યું હતું. આ કેમ્પમાં સીટી સ્કેન, MRI અને સોનોગ્રાફી જેવી તપાસ તેમજ જરૂર જણાય તો સર્જરી પણ બિલકુલ મફત કરવામાં આવે છે. ડો. મહેશભાઈએ કેન્સર જાગૃતિ માટે આગામી સમયમાં પણ આવા વિવિધ નિ:શુલ્ક કેમ્પો યોજવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

### ઠાસરાના બાળકો માટે ડો. વિરાજબેન મુન્શાની શૈક્ષણિક સેવાની સરવાણી



**કપડવંજ** | ઠાસરા અને કપડવંજ તાલુકાની સરકારી શાળાઓના બાળકોની શૈક્ષણિક જરૂરિયાતો દાતાઓના સહયોગથી પૂરી કરવામાં આવી રહી છે. ઉદ્યોગપતિ ચીનુભાઈ મુન્શાના પૌત્રી ડો. વિરાજબેન મુન્શા દ્વારા ઠાસરા તાલુકાની ઉંબા, ઢુંડી અને વિંઝોલ શાળાના બાળકોને અઢી હજાર ચોપડા નવું સત્ર શરૂ થાય તે પહેલાં જ પહોંચતા કર્યા છે. આ સેવાકાર્યનો મુખ્ય ઉદ્દેશ્ય નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસથી જ બાળકોનું શિક્ષણ કાર્ય કોઈ પણ અવરોધ વિના શરૂ થાય તે સુનિશ્ચિત કરવાનો છે. આ ઉમદા પહેલ બદલ ઉંબા અને વિંઝોલ પ્રાથમિક શાળાના આચાર્યોએ ડો. વિરાજબેન મુન્શા અને દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

### બાલાસિનોરમાં સગર્ભા મહિલાઓ માટે ડાયાબિટીસ - બીપી ચેકઅપ કેમ્પ યોજાયો




**બાલાસિનોર** | બાલાસિનોર અર્બન હેલ્થ સેન્ટર અને લાયન્સ ક્લબ દ્વારા એનસીડી કાર્યક્રમ હેઠળ સગર્ભા બહેનો માટે વિશેષ તપાસ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં કુલ 64 જેટલી સગર્ભા મહિલાનું ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરનું સઘન ચેકઅપ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશા વર્કર બહેનો દ્વારા ગર્ભાશયના મુખના કેન્સર સામે રક્ષણ આપતી HPV રસીકરણ અંગે પણ વિશેષ જનજાગૃતિ કેળવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડો. દેવેન્દ્રભાઈ શાહ, લાયન્સ ક્લબના પ્રમુખ દક્ષાબેન પાઠક અને મંત્રી પ્રવીણ સેવક સહિતનો આરોગ્ય સ્ટાફ હાજર રહ્યો હતો.

### બાકરોલની સ્પેક - એમબીએ કોલેજમાં ઈન્ટર ક્લાસ ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ



**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત એમબીએ કોલેજમાં વિદ્યાર્થીઓમાં શિસ્ત અને નેતૃત્વના ગુણો વિકસાવવા ઈન્ટરક્લાસ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ડિરેક્ટર ડો. વિશાલ પાટીદાર અને સ્પોર્ટ્સ સેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં વિવિધ ટીમોએ જીતવા માટે ખેલદિલીપૂર્વક જોરદાર પ્રયાસો કર્યા હતા. આ ટૂર્નામેન્ટના અંતે IMBA સેમેસ્ટર-2ની ટીમ વિજેતા બની હતી, જ્યારે MBA સેમેસ્ટર-2 (TATA) ની ટીમ રનર્સ-અપ રહી હતી. આ સફળતા બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને મેનેજમેન્ટ દ્વારા તમામ સહભાગીઓને અને વિજેતા ટીમોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### આણંદ શહેરમાં સરવર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 16મો સમૂહ લગ્ન સમારોહ યોજાયો



**આણંદ** | આણંદ શહેરમાં સરવર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત 16માં સમૂહ લગ્ન સમારોહમાં 11 નવયુગલોએ નિકાહની રસમ અદા કરી સાદગીપૂર્ણ રીતે લગ્નજીવનનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ધર્મગુરુઓ અને અગ્રણીઓએ નવદંપતીઓને દુઆઓ પાઠવી હતી અને સમાજને કુરિવાજો તેમજ ફિઝૂલખર્ચી છોડી સાદગીપૂર્ણ નિકાહ અપનાવવાનો સંદેશ આપ્યો હતો. ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહયોગથી તમામ નવપરિણીત યુગલોને ઘરવખરીની વિવિધ ચીજવસ્તુઓ ભેટ તરીકે આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ સામાજિક એકતા જાળવવા, નવી પેઢીને શિક્ષિત બનાવવા અને સામાજિક-શૈક્ષણિક વિકાસ માટે સૌને સાથે મળીને કાર્ય કરવા પર ભાર મૂક્યો હતો.

### મહીસાગરના પ્રભારી સચિવ દ્વારા વિકાસ કાર્યોની સમીક્ષા કરવામાં આવી



**લુણાવાડા** | મહીસાગર જિલ્લાના નવનિયુક્ત પ્રભારી સચિવ કે. એલ. બચાણીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીમાં ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. આગામી ચોમાસા માટે 'પ્રી-મોનસૂન પ્રિપરેશન' અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના માઇક્રો પ્લાનિંગ માટે તમામ વિભાગોને પરસ્પર સંકલન સાધવા માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લામાં એલ.પી.જી. ગેસનો પર્યાપ્ત જથ્થો હોવાની ખાતરી આપી 'પ્રોજેક્ટ સહકાર'ની સરાહના કરી અને જનહિતના કામોને અગ્રતા આપવા સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર અર્પિત સાગર, ડી.ડી.ઓ. યુવરાજ સિદ્ધાર્થ અને એસ.પી. શફીન હસન સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.